**GUJARAT TECHNOLOGICAL UNIVERSITY**
**(Established Under Gujarat Act No.: 20 of 2007)**
**ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી**
**(ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)**

**નં.જીટીયુ/સેના-ધ્વજદિન-ભંડોળ/૨૦૧૩/૧૦૨૬૩** **તા.૨૯/૧૧/૨૦૧૩**

પ્રતિ,
આચાર્ય/નિયામકશ્રી,
ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/સંસ્થાઓ

**વિષય:** જિલ્લા સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળ સમિતિ-૦૭ ડિસેમ્બર

રાષ્ટ્રીય રક્ષા કાજે પોતાના પ્રાણ ન્યોચ્છાવર કરનાર વીર સૈનિકોના પરિવારજનો સ્વમાનભેર પોતાના જીવનનો નિર્વાહ કરી શકે તેવી વ્યવસ્થા કરવા તેમજ યુધ્ધ અને સૈનિક કાર્યવાહીમાં શારીરિક ક્ષતિગ્રસ્ત થવાના કારણે સશસ્ત્ર સેનાઓમાંથી છુટા કરાયેલા સૈનિકોના પુનઃવસવાટ માટે તેમજ સશસ્ત્ર સેનાઓને યુવાન રાખવાની રાષ્ટ્રની નીતિના ફળસ્વરૂપે તમામ નાગરિક સેવાઓની સરખામણીમાં ધણી નાની ઉંમરમાં સશસ્ત્ર સેનાઓમાંથી છુટા કરવામાં આવતા સૈનિકોઅને તેઓના પરિવારજનોના કલ્યાણ માટે વિવિધલક્ષી કલ્યાણકારી યોજનાઓ બનાવવા માટે સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળનો ઉપયોગ કરવામાં આવે છે. આ ભંડોળ એકત્ર કરવાના ઔપચારિક કાર્યક્રમનો આરંભ પ્રતિ વર્ષ ૭મી ડિસેમ્બરના રોજ કરવામાં આવે છે.

પોતાના પ્રાણની પરવા કર્યા વિના દેશના સીમાડાઓ અને સાર્વભૌમક્તાનું રક્ષણ કરનાર દેશના આ સિપાહીઓ યુધ્ધ સિવાય કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ કુદરતી પ્રકોપ, માનવસર્જિત આકસ્માત કે આપદાઓમાં પણ નાગરિકની સહાયતા માટે ખડે પગે રહી સમાજ અને દેશની અમૂલ્ય સેવા બજાવવા અગ્રેસર રહે છે. દેશની રક્ષા કરવા સતત તૈનાત રહેતા આપણા સૈનિકો પ્રત્યે ઋણ અદા કરવાની આપણી અને સમાજની મોટી જવાબદારી થાય છે.

ગત વર્ષે આપસૌના સાથ અને સહકાર દ્વારા જીટીયુએ રૂા. ૧૪૧૭૩૬/- નો ફાળો એકત્ર કરવામા આવેલ હતો જેના ફળ સ્વરૂપે જીટીયુને તા.૨૧-૧૧-૨૦૧૩ના રોજ માન.કલેક્ટરશ્રી,જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ દ્વારા સ્મૃતિચિન્હ તથા પ્રશંશા પ્રમાણપત્ર આપી યુનિ.નું સન્માન કરવામાં આવેલ હતુ. ગત વર્ષ પ્રમાણે આ વર્ષેપણ જીટીયુએ રૂા.૨,૦૦,૦૦૦/- એકત્ર કરવાનું લક્ષ રાખેલ છે. આપણા સૈનિકો પ્રત્યે આત્મીયતા અને સન્માનની લાગણીની અભિવ્યક્તિ કરી તઓના મનોબળને દ્રઢ કરવાના આ અવસરે **સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં યથા યોગ્ય યોગદાન આપવા અત્રેની યુનિ. સંલગ્ન તમામ અધ્યાપકશ્રી, વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓને આથી અપીલ કરવામાં આવે છે.**

આપસૌના સહકારની અપેક્ષાએ,

Sd/-
કા. કુલસચિવ



2nd Floor, ACPC Building, L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad, (Gujarat) India - 380 015.
Phone : + 91 - 79 - 26300499, 26300599 Fax : + 91 - 79 - 26301500 E-mail : info@gtu.ac.in URL : www.gtu.ac.in